સામાન્ય રાજ્ય સેવા, વર્ગ-૨ (ભૂસ્તરીય સંવર્ગ) ના ભૂસ્તરશાસ્ત્રી, વર્ગ-૨ ની જગ્યાઓનું સંખ્યાબળ (Cader Strength) નક્કી કરવા બાબત.

ગુજરાત સરકાર,
નર્મદા, જળસંપતિ, પાણીપુરવઠા અને કલ્પસર વિભાગ,
ઠરાવ ક્રમાંક-ઇએસટી/૧૦૨૦૧૭/૬૫૪૪૮/ઇ(૩)
સચિવાલય, ગાંધીનગર.
તારીખ- ૨૫/૩/૨૦૧૭

વંચાણે લીધા:-

- સામાન્ય વહિવટ વિભાગનો તા.૩૦/૧/૧૪ નો ઠરાવ ક્રમાંક-એસએનઆર/૧૦૨૦૦૮/૪૮૭૪૩૧(૧)/ગ(૫)

## ઠરાવ

આ વિભાગ હેઠળની તેમજ માર્ગ અને મકાન વિભાગ હેઠળની સામાન્ય રાજ્ય સેવા, વર્ગ-૨ (ભૂસ્તરીય સંવર્ગ) ના ભૂસ્તરશાસ્ત્રી, વર્ગ-૨ સંવર્ગના ભરતી નિયમો અનુસાર કુલ સંખ્યાબળમાં બઢતી તેમજ સીધી ભરતીનું પ્રમાણ યોગ્ય રીતે જળવાય અને રેશીયોથી નિયત પ્રમાણ મુજબ જ નિમણુંક થાય તે માટે આ વિભાગ હેઠળની તેમજ માર્ગ અને મકાન વિભાગ હેઠળની સામાન્ય રાજ્ય સેવા, વર્ગ-૨, (ભૂસ્તરીય સંવર્ગ) ના ભૂસ્તરશાસ્ત્રી, વર્ગ-૨ ની જગ્યાઓનું અધિકૃત સંખ્યાબળ Cader Strength નિયત કરવાની બાબત સરકારશ્રીની સક્રિય વિચારણા હેઠળ હતી.

આ વિભાગ તેમજ માર્ગ અને મકાન વિભાગ હસ્તકના વિવિધ વર્તુળો તેમજ વિભાગીય કચેરીઓમાં ભૂસ્તરશાસ્ત્રી, વર્ગ-૨ સંવર્ગની કુલ ૩૩ જગ્યાઓ મંજુર થયેલ છે. ઉપરાંત આ વિભાગ હસ્તકના સરદાર સરોવર નર્મદા નિગમ લી., વિવિધ બોર્ડ/નિગમ ખાતે ભૂસ્તરશાસ્ત્રી, વર્ગ-૨ સંવર્ગના અધિકારીઓને પ્રતિનિયુક્તિના ધોરણે નિમણુંક આપવામાં આવે છે. આવી કચેરીઓ/બોર્ડ/નિગમોમાં કેટલા ભૂસ્તરશાસ્ત્રી, વર્ગ-૨ ની પ્રતિનિયુક્તિના ધોરણે નિમણુંક કરવી તે ચોક્કસ નથી. જે તે સમયે ઉપલબ્ધ ભૂસ્તરશાસ્ત્રી, વર્ગ-૨ ની પ્રતિનિયુક્તિના ધોરણે નિમણુંક થતી હોવાથી ફાળવણી માટે ઉચ્ચક સંખ્યાને ધ્યાને લેવાની રહે છે. આમ, ભૂસ્તરશાસ્ત્રી, વર્ગ-૨ સંવર્ગનું સંખ્યાબળ નક્કી કરતી વખતે ઉપરની સમગ્ર બાબતો તેમજ વંચાણમાં લીધેલા સામાન્ય વહિવટ વિભાગના તા.૩૦/૧/૧૪ ના ઠરાવની સુચનાઓ ધ્યાને લઇ ભૂસ્તરશાસ્ત્રી, વર્ગ-૨ સંવર્ગનું સંખ્યાબળ નિયત કરવાનું રહે છે.

ઉપરોક્ત વિગતો ધ્યાને લઇને, આ વિભાગના નિયંત્રણ હેઠળની સામાન્ય રાજ્ય સેવા, વર્ગ-૨, (ભૂસ્તરીય સંવર્ગ) ના ભૂસ્તરશાસ્ત્રી, વર્ગ-૨ ની જગ્યાઓ "ખાલી જગ્યા આધારિત" ભરવાના બદલે "જગ્યા આધારિત" ભરવા અધિકૃત સંખ્યાબળ(Cader Strength) આથી નીચે મુજબનું ઠરાવવામાં આવે છે.

| ક્રમ | વિગત | જગ્યાઓની સંખ્યા |
|---|---|---|
| ૧ | ૨ | ૩ |
| ૧ | નર્મદા, જળસંપતિ, પાણીપુરવઠા અને કલ્પસર વિભાગ ખાતે તેમજ તેના હસ્તકના વિવિધ વર્તુળો તેમજ વિભાગીય કચેરીઓમાં ભૂસ્તરશાસ્ત્રી, વર્ગ-૨ ની મંજુર થયેલ જગ્યાઓ | ૨૩ |

| | | |
|---|---|---|
| ૨ | માર્ગ અને મકાન વિભાગ ખાતે તેમજ તેના હસ્તકના વિવિધ વર્તુળો તેમજ વિભાગીય કચેરીઓમાં ભૂસ્તરશાસ્ત્રી, વર્ગ-૨ ની મંજુર થયેલ જગ્યાઓ | ૦૧ |
| ૩ | નર્મદા, જળસંપતિ, પાણીપુરવઠા અને કલ્પસર વિભાગ હસ્તકના સરદાર સરોવર નર્મદા નિગમ લી. ખાતે ભૂસ્તરશાસ્ત્રી, વર્ગ-૨ ની મંજુર થયેલ જગ્યાઓ | ૦૯ |
| ૪ | કુલ જગ્યાઓ | ૩૩ |
| ૫ | ભરતી નિયમોમાં સીધી ભરતી અને બઢતીના નિયત થયેલ ૧:૩ ના રેશિયા મુજબ સીધી ભરતીની જગ્યાઓનું અધિકૃત સંખ્યાબળ | ૦૯ |
| ૬ | ભરતી નિયમોમાં સીધી ભરતી અને બઢતીના નિયત થયેલ ૧:૩ ના રેશિયા મુજબ બઢતીની જગ્યાઓનું અધિકૃત સંખ્યાબળ | ૨૪ |

ઉપરોક્ત સંખ્યાબળ નક્કી કરવામાં આવતાં હવે પછીથી જે સ્ત્રોતની જગ્યા ખાલી પડે તે જગ્યા તે જ સ્ત્રોતથી ભરવાનું ઠરાવવામાં આવે છે.

ભૂસ્તરશાસ્ત્રી, વર્ગ-૨ ની મંજુર થયેલ કુલ જગ્યાઓમાં ભવિષ્યમાં વધારો/ઘટાડો થાય તે પ્રસંગે બઢતી તેમજ સીધી ભરતીના ફાળે જતી જગ્યાઓમાં ભરતી નિયમોમાં ઠરાવેલ પ્રમાણ અનુસાર ફેરફારને આધીન રહેશે.

આ ઠરાવ આ વિભાગની સમાનાંકી ફાઇલ પર સામાન્ય વહિવટ વિભાગની તા.૭/૩/૨૦૧૭ ની નોંધથી મળેલ મંજુરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(ડી. એન. ભાવસાર)
ઉપસચિવ(સેવા)
નર્મદા, જળસંપતિ, પાણીપુરવઠા અને કલ્પસર વિભાગ.

પ્રતિ,

- માનનીય રાજ્યપાલશ્રીના અગ્ર સચિવશ્રી, ગુજરાત સરકાર.
- માનનીય મુખ્ય મંત્રીશ્રીના અધિક મુખ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માનનીય મંત્રીશ્રી(માર્ગ અને મકાન)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માનનીય રાજ્ય કક્ષાના મંત્રીશ્રી(જ.સં.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી(ક.ગ.), સામાન્ય વહિવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી(જ.સં.), નર્મદા, જળસંપતિ, પાણીપુરવઠા અને કલ્પસર વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- ખાસ સચિવશ્રી(જ.સં.), નર્મદા, જળસંપતિ, પાણીપુરવઠા અને કલ્પસર વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાયબ સચિવશ્રી(ક.ગ.) નર્મદા, જળસંપતિ, પાણીપુરવઠા અને કલ્પસર વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, ગાંધીનગર.(પત્ર દ્વારા)
- આસીસ્ટન્ટ જનરલ મેનેજરશ્રી(પર્સોનલ), સરદાર સરોવર નર્મદા નિગમ લી., ગાંધીનગર.
- નિયામકશ્રી, ગુજરાત ઇજનેરી સંશોધન સંસ્થા, વડોદરા.
- અધિક્ષક ઇજનેરશ્રી, મધ્યસ્થ આલેખન વર્તુળ, ગાંધીનગર.
- અધિક્ષક ઇજનેરશ્રી, અમદાવાદ સિંચાઇ યોજના વર્તુળ, અમદાવાદ.
- અધિક્ષક ઇજનેરશ્રી, વડોદરા સિંચાઇ વર્તુળ, વડોદરા.

* અધિક્ષક ઇજનેરશ્રી, લઘુ સિંચાઇ યોજના વર્તુળ, ગાંધીનગર.
* અધિક્ષક ઇજનેરશ્રી, પાલનપુર સિંચાઇ યોજના વર્તુળ, પાલનપુર.
* અધિક્ષક ઇજનેરશ્રી, હિંમતનગર સિંચાઇ યોજના વર્તુળ, હિંમતનગર.
* અધિક્ષક ઇજનેરશ્રી, કચ્છ સિંચાઇ વર્તુળ, કચ્છ-ભુજ.
* અધિક્ષક ઇજનેરશ્રી, રાજકોટ સિંચાઇ યોજના વર્તુળ, રાજકોટ.
* અધિક્ષક ઇજનેરશ્રી, રાજકોટ સિંચાઇ વર્તુળ, રાજકોટ.
* અધિક્ષક ઇજનેરશ્રી, ક્ષાર પ્રવેશ નિવારણ વર્તુળ, રાજકોટ.
* HRMS Cell, સામાન્ય વહિવટ વિભાગ, બ્લોક-૧/૮ મો માળ, સચિવાલય, ગાંધીનગર.
* સેક્શન અધિકારીશ્રી, એમઆઇસેલ શાખા, નર્મદા, જળસંપતિ, પાણીપુરવઠા અને કલ્પસર વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ ઠરાવ વિભાગની વેબસાઇટ પર પ્રસિધ્ધ કરવા વિનંતી સહ.
* સેક્શન અધિકારીશ્રી, ઇ, ઇ(૨), ઇ(૫), ઇ(૬), ફ, ગ, ગ(૧) અને ગ(૨), શાખાઓ, નર્મદા, જળસંપતિ, પાણીપુરવઠા અને કલ્પસર વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
* ના.સે.અ. સિલેક્ટ ફાઇલ.
* શાખા સિલેક્ટ ફાઇલ.